॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

સોસીયલ મિડીયા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● પોષ વદ - ૬ ● તા. ૦૩-૦૨-૨૦૨૧ ● બુધવાર SDP NO: 291 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

શેરબજારમાં તેજી : સેન્સેક્સે ૫૦ હજારની સપાટી સ્પર્શી

SUV International School

R.P. Bhavani Vidyamandir (CBSE)
N.L. Bhavani Higher Secondary School (GSEB)

Shri All india KKP Samaj Prerit
Shri South Gujrat KKP Samaj samrthit
Shri Uma Education & Charitable Trust

હરિયાળા SUV કેમ્પસમાં કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અબાજીભાઈ કનાણી, ભાવનભાઈ લીંબાણી, CA મુંબઇ, ચંદ્રકાન્ત છાભૈયા, CA ચેમ્બુર સાથે મહેન્દ્ર સેંઘાણી મુંબઈની કેમ્પસ મુલાકાત. આ સમયે નવા નિયુક્ત થયેલ પ્રિન્સિપલ, શ્રીમતી પ્રતિમાબેન ગૌસ્વામીએ સહુને આવકાર્યા.. CMC કમિટીના સભ્ય મહેન્દ્ર સેંઘાણી દ્વારા કેમ્પસના રસોડા અને ભોજન શાળાને ઓર્ગેનીક કરવાના પ્રયાસ માતે કિચનમાં જરૂરી સચુનો આપ્યા. કેમ્પસમાં ટૂંકા સમયમાં જ હોસ્ટેલના વિદ્યાર્થીઓ લોકડાઉન બાદ આવવાના હોય કેમ્પસ સુંદર અને રળિયામણું આવકારવા ઉત્સુક છે.. સમગ્ર શિક્ષક ગણ પણ હાલ ઓનલાઈન એજ્યુકેસન રોજ કેમ્પસમાં ઉપસ્થિત રહીને જ આપે છે. આગામી સમયમાં SUV કેમ્પસમાં પુન: વિદ્યાર્થીઓ થકી કલવર કરતું સંકુલ જ્ઞાન મંદિરને સમગ્ર સિક્સકગણ પૂર્ણ સરકારી ગાઈડલાઈન મુજબ કાર્યવંત થશે..

મોટા અંગિયા ગામે ગ્રામીણ સ્વરોજગાર કેન્દ્ર કચ્છના ડાયરેક્ટર અજીતકુમાર શર્માએ મુલાકાત લીધી અને મહિલાઓ માટે રમકડાં બનવવાની તાલીમ અને માર્ગદર્શન આપ્યું.

"બ્રેક"

ફિઝિક્સ ના વર્ગમાં શિક્ષકે વિદ્યાર્થીઓને પૂછ્યું, "આપણા વાહન માં "બ્રેક" કેમ હોય છે??"

જુદા જુદા જવાબો મળ્યા.

"વાહન ને રોકવા કરવા માટે" "વાહન ની ઝડપ ઘટાડવા માટે"

"વાહન ની ટક્કર ટાળવા માટે" વગેરે વગેરે...

પરંતુ એક જવાબ જુદો હતો,

"તમને ઝડપી વાહન ચલાવવા માટે સક્ષમ કરવા..!!"

આ એક વિચાર છે.

એક ક્ષણ માની લો કે તમારા વાહન માં કોઈ બ્રેક નથી, તો તમે તમારા વાહનને કેટલી ઝડપથી ચલાવશો?

માત્ર ને માત્ર બ્રેક ના કારણે જ આપણે વાહન ને વેગ આપવાની હિંમત કરી શકીએ છીએ, ઝડપથી આગળ વધવાની હિંમત કરી શકીએ છીએ. જે સ્થાને જઈએ છીએ ત્યાં ઝડપી પહોંચી શકીએ છીએ..!!

જીવનના વિવિધ તબક્કે, આપણી પ્રગતિ, દિશા અથવા નિર્ણય પર આપણા માતાપિતા, શિક્ષકો, મિત્રો અને ઉપરી (બોસ) સવાલો પૂછતા હોય છે. આપણે તેમને અડચણ માનીએ છીએ અથવા આવા સવાલો ને આપણા ચાલુ કાર્ય માટે "બ્રેક" માનીએ છીએ.

પરંતુ યાદ રાખો કે, આવા સવાલો(બ્રેક)ને કારણે જ તમે જ્યાં છો, ત્યાં પહોંચ્યા છો, સ્થાપિત થયા છો. "બ્રેક" વિના તમે અટકી શકો છો, દિશા ગુમાવી શકો છો અથવા કમનસીબ અકસ્માતનો ભોગ બની શકો છો.

હું મારી બધી કિંમતી "બ્રેક" માટે ઉંડાણપૂર્વક અને નિષ્ઠાપૂર્વક આભારી છું..!!

ચાલો આપણા જીવનમાં "બ્રેક" ની પ્રશંસા કરીએ. તેના વિના આપણે ત્યાં ના હોત, જ્યાં આજે છીએ..!!

મોટા અંગિયા ગામે ગ્રામીણ સ્વરોજગાર કેન્દ્ર કચ્છના ડાયરેક્ટર અજીતકુમાર શર્માએ મુલાકાત લીધી અને મહિલાઓ માટે રમકડાં બનવવાની તાલીમ અને માર્ગદર્શન આપ્યું...

તાલુકા પંચાયતના પ્રમુખશ્રીની રોટેશન, કચ્છ જિલ્લા ના તાલુકા.

માંડવી: એસ. સી. અનામત ૫ વર્ષ

અબડાસા :		ગાંધીધામ:	
સામાન્ય મહિલા	:૨.૫ વર્ષ	સામાન્ય પુરુષ	:૨.૫ વર્ષ
સામાન્ય પુરુષ	:૨.૫ વર્ષ	લખપત:	
અંજાર:		સામાન્ય પુરૂષ	:૨.૫ વર્ષ
સામાન્ય મહિલા	:૨.૫ વર્ષ	નખત્રાણા:	
સામાન્ય પુરુષ	:૨.૫ વર્ષ	સામાન્ય પુરુષ	:૨.૫ વર્ષ
ભચાઉ:		રાપર:	
સામાન્ય મહિલા	:૨.૫ વર્ષ	સામાન્ય પુરુષ	:૨.૫ વર્ષ
સામાન્ય પુરુષ	:૨.૫ વર્ષ	મુન્દ્રા:	
ભુજ:		ઓબીસી પુરુષ	:૨.૫ વર્ષ
સામાન્ય મહિલા	:૨.૫ વર્ષ	ઓબીસી મહિલા	: ૨.૫ વર્ષ
સામાન્ય પુરુષ	:૨.૫ વર્ષ		

અભિનંદન...અભિનંદન...

પુનિત નરશીભાઈ પોકાર
કચ્છમાં :- હરીપર (રવાપર)
હાલે :-કૉન કલ્યાણ , મુંબઈ.

પુનિતકુમારે CA Exam પાસ કરી હરીપર સનાતન સમાજ અને પોકાર પરિવારને ગૌરવ પ્રદાન કરેલ છે.

પુનિત અને પોકાર પરિવારને ખુબ સારી શુભકામનાઓ.

શ્રીસમાજના પંચામૃત ટીમમાં આપનો સમાવેશ કરવામાં આવેછે ..

નરેન્દ્ર ચૌધરી અને શ્રીસમાજ પ્રચાર અને પ્રસાર ટીમ આપને અભિનંદીત કરે છે...

વિનામુલ્યે ભવ્ય નેત્રયજ્ઞ

૦૪/૦૨/૨૦૨૧ ગુરૂવાર

સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૩૦

સ્થળ : નખત્રાણા લોહાણા મહાજન વાડી મેઈન બજાર નખત્રાણા

ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટર રમીલાબેન જાડેજા દ્વારા હાડકાના રોગ સંબંધી મફત સારવાર અપાશે.

સરકારી ગાઈડલાઇન મુજબ

તા:- ૪/૨/૨૦૨૧, ગુરુવારે ગામ: નખત્રાણા મધ્યે મેઈન બજારમાં આવેલ, લોહાણા મહાજન વાડી મધ્યે વિના મુલ્યે નેત્રરોગ નિદાન કેમ્પ.

લીલા તોરણ બાંધવાનું મહત્વ..!!

માણેક સ્થંભ રોપ્યા પછી ઘરના દરવાજે આશોપાલવ અથવા આંબાનાં લીલા પાનનું તોરણ બાંધવામાં આવે છે.

તોરણ એટલે મુખ્ય દરવાજાની હદ એવો અર્થ થાય છે આસોપાલવનું તોરણ લગાવવાથી દરેક કાર્ય કોઈપણ વિઘ્ન વિના સારી રીતે પાર પડી જાય છે વર અથવા કન્યા તોરણે આવી પહોંચે એટલે ત્યાં તેમનો આદરસત્કાર કરવામાં આવે છે. આમ લગ્નવિધિમાં તોરણ એટલે વર અથવા કન્યાનો આદરસત્કાર કરવાનું સ્થળ એમ કહી શકાય..!!

ચિંતનકણિકા

પરિવાર દ્વારા સમાજજીવનનાં મૂલ્યોનું પ્રગટીકરણ...(૧)

અનેક પરિવારો મળીને સમાજ બને છે. સમાજની સભ્યતા, સંસ્કૃતિ, વ્યવહાર અને જીવનમૂલ્યો પારિવારિક જીવનમાં પ્રતિબિંબિત થાય તે જરૂરી છે. પરિવાર અને સમાજ એકબીજાના પૂરક અને પોષક છે. વિરાટ સમાજનો જ એક અંશ એટલે પરિવાર. પરિવારના સભ્યોની વિશાળ દૃષ્ટિ અને કર્તવ્ય-સભાનતા સમાજવૃક્ષનું જીવનજળ છે.

પરિવારનું લક્ષ્ય સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ હોય એ સ્વાભાવિક છે, પણ એનું ચેતનાકેન્દ્ર સમાજ છે. સમાજની સમૃદ્ધિમાં એની સમૃદ્ધિ સમાયેલી છે. માટે સમાજની અવગણના કરતો પરિવાર સાચા અર્થમાં સુખ કે સંતોષ મેળવી શકતો નથી...અને માટે જ પરિવારભાવનો વિસ્તાર થાય અને વ્યક્તિ-પરિવારને સમષ્ટિભાવ તરફ દોરી જાય એવા એક વૈચારિક સેતુબંધની અનિવાર્યતા છે.

ભગવાન શ્રીરામના સેતુબંધના નિર્માણમાં રેતીનો કણ-કણ નાખતી ખિસકોલીના મનોભાવ જેવા જ મનોભાવ હું આ ચિંતનકણિકા લખતી વખતે અનુભવી રહ્યો છું... (ક્રમશ:)

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૦૩/૦૨/૨૦૨૧

HAPPY BIRTHDAY

VASANT DAHYALAL SANKHALA
Region Vice Chairman CSR
Khed. M. 9822633644

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

વસંત સાંખલા અને ભગવતી સાંખલા, જન્મદિન સાથે લગ્નજીવનની પણ તારીખ ૩ ફેબ્રુઆરી જ હોય આપને તો સોના માં સુગંધ ભળી જેવુ થયુ છે.. આ દિવસે આપ મિશન ચેરમેનની ભૂમિકામાં પણ ફરજ પર છો તો જરૂર સવિશેષ ઉજવણી થવી જ જોઈએ.. તો જ તો ડિમ્પલ અને હાર્દિક જે આપના સહજીવનના પ્રસાદ સ્વરૂપે પ્રભુની ભેટ આપ બન્ને એ ધરતીને અર્પણ કરેલ છે તે ખુશ થસેને... ૨૦ વર્ષ લગ્નના અને ૪૧ વર્ષ જન્મદિનના એમ બને મળીને ૬૧ વર્ષ થયા ત્યારે આ ઉત્સાહની ઉજવણી ૬૨ YSk રિજીયનમાંથી આપ આજ રોજ પરિપૂર્ણ કરશોને જન્મદિનની ઉજવણી ચૈતન્ય સફરુંતીને ઉત્સાહ પૂર્વક કરશો... Ggના ડબલ અભિનદન..

પ્રતિનિધિ :- Nilesh Surani, Talod , 9428063512.

Petrol ₹93 in Ram's India ₹53 in Sita's Nepal ₹51 in Ravan's Lanka

-: અવસાન નોંધ :-

તા. ૧/૨/૨૦૨૧ સોમવાર

સ્વ. કેશરબેન જીવરાજભાઈ રામાણી, ઉંમર : વર્ષ
કચ્છ માં ગામ : મેઘપર, હાલે : ગોઝારીયા.

તારીખ : ૨/૨/૨૦૨૧ મંગળવાર

સ્વ. શિવગણભાઈ ગોપાલભાઈ પોકાર, ઉંમર : ૯૭ વર્ષ,
કચ્છ માં ગામ : જીયાપર, હાલે : બદલાપુર.

સ્વ. ચંપાબેન રામજીભાઈ દીવાણી, ઉંમર : ૭૦ વર્ષ,
કચ્છ માં ગામ : વિરાણી, ગામ : રામસીકંપા નિવાસી, હાલે : ઓઢવના (અમદાવાદ).

૨૪=ગામ સમુહલગ્ન સમીતી મથલ..

આજે ૨ ફેબ્રુઆરીના રોજ કારોબારીની મીટીંગમાં ચાલુ સાલે સમુહલગ્ન યોજવા એવો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે..

તો સર્વે ઉમેદવારોએ હોળી પહેલાં ફોરમ ભરી લેવાં એવું જણાવવામાં આવ્યું છે

- મહામંત્રી શ્રી રામજીભાઈ કે. ચૌહાણ..ખોભડી..મથલ....

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૦૩/૦૨/૨૦૨૧

HAPPY BIRTHDAY

VIPUL DINESHBHAI SURANI
Division Chairman, Talod-Prantij Div. SBR
Timbakampa 9429748670

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

પોતાના જન્મ દિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.
શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

પ્રતિનિધિ :- Nilesh Surani, Talod , 9428063512.